**ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ અને સ્પે. એન.ડી.પી.એસ. જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ**

**એન.ડી.પી.એસ. કેસ નં. ૦૭/૨૦૨૬**

**–: આરોપી સુખરામ ભગીરથરામ સાવતારામ જાગુ (બિશ્નોઇ) તરફેની આંક–૦૪ ની ડિસ્ચાર્જ અરજી લગત હુકમ :–**

**(૧)** આરોપી તરફેની હાલની ડિસ્ચાર્જ અરજી વંચાણે લીધી. વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીનાં વિ. વકીલશ્રીને સાંભળ્યા તથા રેકર્ડ ધ્યાને લીધું.

**(૨)** આ કામે આરોપીનાં વિ.વ.શ્રી તરફે ડિસ્ચાર્જ અરજીની હકીકતો મુજબ રજુઆત છે કે, આરોપીને ભરૂચ શહેર 'સી' ડિવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૨૫૧૩૫૬/૨૦૨૫ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(બી), ૧૮(સી), ૨૯ મુજબનાં ગુનાનાં કામે અટક કરેલા અને તપાસ એજન્સી દ્વારા તપાસ પૂર્ણ કરી આરોપી સામે ચાર્જશીટ દાખલ કરેલ છે, જેનો એન.ડી.પી.એસ. કેસ નં. ૦૭/૨૦૨૬ પડેલ છે, તે ગુનાના કામે આરોપીને બિનતહોમત મુકત કરવા હાલની ડિસ્ચાર્જ અરજી દાખલ કરેલ છે.

**(૨.૧)** વધુમાં આરોપી તરફે રજુઆત કરેલ છે કે, ફરીયાદીની ફરીયાદ હકીકતો જોતા સ્પષ્ટપણે જણાય છે કે, કહેવાતો મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવેલ નથી, સદર ગુનામાં કોઇ ભાગ ભજવેલ નથી, આરોપીને માત્ર સહ–આરોપીનાં ખોટા નિવેદનના આધારે ખોટી રીતે આરોપી બનાવવામાં આવેલ છે, જેથી આરોપી બિનતહોમત છોડી મુકવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, ચાર્જશીટ મુજબ આરોપીનો અન્ય આરોપી સાથે નાણાંકીય વ્યવહાર થયેલા અને ટેલીફોનીક વાતચીત થયેલાનો આક્ષેપ કરવામાં આવેલ છે, તે મુજબનો કોઇ નાણાંકીય વ્યવહાર થયેલ નથી કે કહેવાતો વ્યવહાર માદક દ્રવ્ય બાબતે થયેલ નથી, જે તમામ હકીકત ચાર્જશીટના દસ્તાવેજોથી જણાઇ આવે છે. હાલનાં આરોપીએ અન્ય આરોપી સાથે કહેવાતા વ્યવહાર બાબતે વાતચીત થયેલ હોય તે ચાર્જશીટનાં દસ્તાવેજથી જણાઇ આવતું

નથી, જેથી આરોપીને બિનતહોમત છોડી મુકવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, ચાર્જશીટ મુજબ કહેવાતા મુદ્દામાલ બાબતે આરોપી ઉપર એવો આક્ષેપ કરવામાં આવેલ છે કે, સદર કહેવાતા માદક દ્રવ્યનું આરોપી દ્વારા સેવન કરવામાં આવતું હતુ તેમજ અન્ય સહ–આરોપીઓ પાસેથી હાલનાં આરોપી દ્વારા ખરીદી કરવાનો આક્ષેપ કરવામાં આવેલ છે, તે દર્શાવતો કોઈ પુરાવો તપાસનાં કામે રજુ થયેલ નથી, આરોપી સામે ગુનાનાં કામે જણાવવામાં આવેલ કલમો મુજબનો કોઈ ચાર્જ બનતો નથી, જેથી આરોપીને ડિસ્ચાર્જ કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, તપાસ કરનાર દ્વારા યોગ્ય તપાસ કર્યા વિના આરોપીને ખોટી રીતે આરોપી બનાવેલ છે, ત.ક.અધિકારી દ્વારા કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો લવામાં આવેલ નથી, આરોપીનો ગુનામાં કોઈ પણ જાતનો રોલ નથી, આરોપીનો કોઈ ગુનાહિત ભુતકાળ નથી, જેથી આરોપીને ડિસ્ચાર્જ કરવા રજુઆત કરેલ છે.

(૩) વિ.એ.પી.પી.શ્રી તરફે રજુઆત છે કે, આ કામનાં સહ–આરોપી નં. (૧) શ્રવણકુમાર મનોહરરામ બકતારામ બિશ્નોઈ, (૨) મહિપાલ ક્રિષ્ણારામ ભગ્વાનારામ બિશ્નોઈ, (૩) પ્રદિપ રાજુરામ ભાકરરામ બિશ્નોઈનાઓ ફલેટ નં. એ/૩૦૪, અનુજ રેસીડેન્સી, કાસદ રોડ, ચાવજ, તા. જિ. ભરૂચ ખાતે ભાડાથી રહી મેફેડ્રોન ડ્રગ્સ તથા ૩૦ ગ્રામ અફીણનાં વ્યુત્પન્નો (ઓપીયમ ડેરીવેટીવ્ઝ) તરીકે ક્રુડ હેરોઈન (બ્રાઉન સુગર) નો જથ્થો ઘરમાં રાખી છુટકમાં નાની–નાની પડીકીઓ બનાવી ગ્રાહકોને ગેરકાયદેસર વેચાણ કરતા હતા તે દરમ્યાન તા. ૦૬/૧૨/૨૦૨૫ નાં રોજ પોલીસ રેઈડ દરમ્યાન સહ–આરોપીઓનાં કબજામાંનાં મકાનમાંથી મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ૩૫.૨૭ ગ્રામ કિં. રૂા. ૧,૦૫,૮૦૦/– તથા ૩૦ ગ્રામ અફીણનાં વ્યુત્પન્નો (ઓપીયમ ડેરીવેટીવ્ઝ) તરીકેનાં ક્રુડ હેરોઈન (બ્રાઉન સુગર) નો જથ્થો ૨૭.૨૮ ગ્રામની કિં.રૂા. ૧૩,૬૪૦/–, મોબાઈલ ફોન નંગ–૫ કિં. રૂા. ૫૫,૦૦૦/–, રોકડા રૂા. ૧૫,૭૦૦/–, ખાલી પાઉચ ભરેલી થેલી નંગ–૧ કિં.રૂા. ૦૦/– અમુલ શુધ્ધ ઘી નો ખાલી ડબ્બો નંગ–૧ કિં.રૂા. ૦૦/– મળી કુલ રૂા.૧,૯૦,૩૫૦/– નાં મુદ્દામાલ સાથે સહ–આરોપીઓ પકડાઈ ગયેલ અને તપાસ દરમ્યાન ફલીત થઈ આવેલ કે, સહ–

આરોપીઓ કુલ ૧૦૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ તથા ૩૦ ગ્રામ અફીણનાં વ્યુત્પન્નો (ઓપીયમ ડેરીવેટીવ્ઝ) તરીકેનાં ક્રુડ હેરોઇન (બ્રાઉન સુગર) નો જથ્થો લાવેલ હતા અને માલ સહ-આરોપીઓ પૈકી સહ-આરોપી શ્રવણકુમાર મનોહરરામ બકતારામ બિશ્નોઇ તથા મહિપાલ ભગ્વાનારામ બિશ્નોઇનાઓ લોહાવટ (રાજસ્થાન) ખાતે જઇ નહી પકડાયેલ સહ-આરોપી સંજય ગંગારામ રાવ (બિશ્નોઇ), રહે. રાજસ્થાનનાઓ પાસેથી લાવેલ અને તેમાંથી ૬૪.૭૩ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ તથા ૨.૭૨ ગ્રામ ક્રુડ હેરોઇન (બ્રાઉન સુગર) નું વેચાણ કરી લીધેલ, જેમાંથી આશરે ૨૪ થી ૨૫ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો હાલનાં આરોપી સુખરામ ભગીરથરામ જાગુનાઓને વેચાણ આપેલ હોય અને બાકી રહેલ ઉકત મુદ્દામાલ સાથે પોલીસ, પંચોની રેઇડ દરમ્યાન પકડાઇ જઇ એન.ડી.પી.એસ.એકટની કલમ-૮(સી), ૨૨(બી), ૧૮(સી), ૨૯ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં દલીલ છે કે, આરોપીને ગુનામાં સાંકળવા માટેનાં પોલીસે પુરતા પુરાવાઓ ચાર્જશીટ સાથે સામેલ રાખેલ હોય, પ્રથમદર્શનીય રીતે ગુનો બનતો હોય આરોપી સામે ચાર્જફ્રેમ કરવા માટેનો પુરતો પુરાવો હોય હાલની ડિસ્ચાર્જ અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) રજુઆતો, એફ.આઇ.આર. તથા ચાર્જશીટનાં પેપર્સ ધ્યાને લીધા. હાલનાં કામે આ ગુનાના અન્ય સહ-આરોપી શ્રવણકુમાર બિશ્નોઇ, મહિપાલ ક્રિષ્નારામ બિશ્નોઇ, પ્રદિપ રાજુરામ બિશ્નોઇનાઓનાં કબજાનાં મકાનમાંથી મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો ૩૫.૨૭ ગ્રામ તથા ૩૦ ગ્રામ અફીણનાં વ્યુત્પન્નો (ઓપીયમ ડેરીવેટીવ્ઝ) તરીકેનાં ક્રુડ હેરોઇન (બ્રાઉન સુગર) નો જથ્થો ૨૭.૨૮ ગ્રામ મળી આવેલ છે અને તપાસ દરમ્યાન એવી હકીકત ખુલેલી છે કે, આ સહ-આરોપીઓ કુલ ૧૦૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ તથા ૩૦ ગ્રામ અફીણનાં વ્યુત્પન્નોનો જથ્થો લાવેલ હતા અને જેમાંથી હાલનાં આરોપી સુખરામ ભગીરથરામ જાગુને આશરે ૨૪ થી ૨૫ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો વેચાણ આપેલ. આમ, હાલનાં આરોપી સુખરામ ભગીરથરામ જાગુનાઓનો રોલ મેફેડ્રોન ડ્રગ્સ ખરીદનાર તરીકેનો છે. વધુમાં ચાર્જશીટનાં પેપર્સ જોતા, હાલનાં આરોપી સુખરામ ભગીરથરામ જાગુનાઓએ અન્ય સહ-આરોપીઓ

સાથે કુલ–૧૦૬ વખત સાદા કોલ તથા વોટસઅપ કોલ તથા માલ બાબતેનાં વોઇસ રેકોર્ડીંગ તથા પૈસા લેવડ–દેવડનાં વોટસઅપ મેસેજો હાલનાં આરોપીનાં મોબાઇલમાંથી મળી આવેલ છે તેમજ હાલનાં આરોપીએ અન્ય સહ–આરોપીઓ મહિપાલ તથા પ્રદિપનાં બેંક એકાઉન્ટમાં તા. ૧૦/૧૧/૨૦૨૫ થી તા. ૦૬/૧૨/૨૦૨૫ સુધી રૂા. ૪૯,૩૦૦/– ટ્રાન્સફર કરેલ છે તેવો પુરાવો મળી આવેલ છે અને પોલીસે ચાર્જશીટ સાથે આ તમામ પુરાવાઓ સામેલ રાખેલ છે તે હકીકતો ધ્યાને લેતા, આરોપી સામે ચાર્જફ્રેમ કરવા માટેનો પ્રથમદર્શનીય પુરાવો ત.ક.અધિકારીશ્રીએ મેળવેલો છે અને ચાર્જશીટ સાથે સામેલ રાખેલ છે, ત્યારે આરોપી સામે ચાર્જફ્રેમ કરવા પાત્ર છે.

(૫) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીને ગુનામાં સાંકળવા માટેનાં પુરતા પુરાવાઓ પોલીસે મેળવેલા હોય આરોપી સામે ચાર્જફ્રેમ કરવા માટેનો પુરતો પુરાવો રેકર્ડ ઉપર હોય હાલની ડિસ્ચાર્જ અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

– આરોપી સુખરામ ભગીરથરામ સાવતારામ જાગુ (બિશ્નોઇ)નાઓની હાલની આંક–૦૪ ની ડિસ્ચાર્જ અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા. ૦૬ ઠ્ઠી, માહે : મે, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૬/૦૫/૨૦૨૬
સ્થળ : ભરૂચ

SUC

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ અને
સ્પે. એન.ડી.પી.એસ. જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**